# સુમુલની ચૂંટણી 15 જુલાઈ સુધી કરાવવા કલેક્ટરની ખાતરી

**ચૂંટણી** અધિકારી અને સુરત જિલ્લા કલેક્ટરે હાઈકોર્ટમાં સોગંદનામું કરી ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ રજૂ કર્યો

સુરત : સુરત અને તાપી જિલ્લાના 2.50 લાખ પશુપાલકો માટે જીવ દોરી સમાન સુમુલ ડેરીના બોર્ડ ઓફ મેનેજમેન્ટની મુદત પૂર્ણ થવા આવી હોવા છતાં ચૂંટણી નહીં કરાવવા અને વહીવટદાર બેસાડવા મામલે હાઇકોર્ટ નારાજગી વ્યક્ત કરી છે. ગઈકાલે હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે ચૂંટણી અધિકારી અને સુરત જિલ્લા કલેક્ટરને 1 દિવસમાં ચૂંટણીનો કાર્યક્રમ રજૂ કરવા આદેશ આપ્યો હતો. એ મુજબ જિલ્લા કલેક્ટરે હાઈકોર્ટમાં સોગંદનામું કરી ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ રજૂ કર્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણી અધિકારીએ 25 મે સુધી ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અને 15 જુલાઈ 2026 સુધી ચૂંટણી કરાવવાની ખાતરી આપી છે. હાઇકોર્ટે આ મામલાની વધુ સુનાવણી 15 જૂન 2026 રાખી છે.

વહીવટી તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી 25 મે સુધીમાં ચૂંટણીનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે, જ્યારે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરીને 15 જુલાઈ 2026 સુધીમાં મતદાન અને એ પછી મતગણતરી યોજાશે.

સુરત અને તાપી જિલ્લાની આર્થિક જીવાદોરી ગણાતી સુમુલ ડેરી પર સત્તાનો કબજો મેળવવા માટેની લડાઈ હવે નિર્ણાયક તબક્કામાં પ્રવેશી ગઈ છે. છેલ્લા આઠ મહિનાથી સીમાંકન, મતદાર યાદી અને પ્રતિનિધિત્વ સંબંધિત વિવાદોને કારણે ચૂંટણી પ્રક્રિયા અટવાઈ ગઈ હતી. જોકે હાઈકોર્ટના કડક વલણ બાદ આખરે ચૂંટણીનો માર્ગ મોકળો બન્યો છે. જિલ્લા કલેક્ટરે કોર્ટમાં રજૂ કરેલા એફિડેવિટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવાથી લઈને ઉમેદવારીપત્રોની ચકાસણી, ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા, મતદાન અને પરિણામ જાહેર કરવાની તમામ તબક્કાવાર માહિતી આપવામાં આવી છે.

વહીવટી તંત્ર દ્વારા કોર્ટમાં કાર્યક્રમ રજૂ થતાં જ સહકારી અને રાજકીય વર્તુળોમાં ચહલપહલ વધી ગઈ છે. અત્યાર સુધી પડદા પાછળ ચાલી રહેલી ગોઠવણો હવે ખુલ્લા રાજકીય દાવપેચમાં ફેરવાઈ રહી છે. સુમુલની ચૂંટણી માત્ર ડેરી સંચાલનની ચૂંટણી નથી, પરંતુ સુરત અને તાપી જિલ્લાના ગ્રામિણ રાજકારણમાં પ્રભુત્વ સ્થાપિત કરવાની પ્રતિષ્ઠાની લડાઈ તરીકે જોવામાં આવી રહી છે. સહકારી ક્ષેત્રમાં પોતાનો દબદબો જાળવી રાખવા માટે વિવિધ રાજકીય પક્ષો તેમજ સહકારી આગેવાનો સક્રિય બન્યા છે.

ભૂતકાળમાં સુમુલની ચૂંટણી દરમિયાન ભાજપના જ બે જૂથો આમને-સામને આવી જતા પક્ષ માટે અસ્વસ્થ પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે આ વખતે પ્રદેશ નેતૃત્વ કોઈપણ પ્રકારની આંતરિક ખેંચતાણ ટાળવા કડક વલણ અપનાવી રહ્યું હોવાનું જાણવા મળે છે. દરેક બેઠક માટે પક્ષ તરફથી સત્તાવાર મેન્ડેટ જાહેર કરવામાં આવશે અને મેન્ડેટ વિરુદ્ધ ઉમેદવારી નોંધાવનાર સામે તાત્કાલિક શિસ્તભંગના પગલાં ભરાશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ભાજપના આ કડક અભિગમથી સહકારી ક્ષેત્રના અનેક દિગ્ગજ આગેવાનોના રાજકીય સમીકરણોમાં બદલાવ આવી શકે છે તેવી અટકળો તેજ બની છે.

# બ્લોકને પગલે 3 દિવસ ટ્રેન વ્યવહાર ખોરવાશે

**ઉધના,** નિયોલ અને ચલથાણ સ્ટેશને ઓટોમેટિક સિગ્નલિંગનું કામ કરવામાં આવશે

**13 મેના** રોજ બાંન્દ્રા સુરત નવસારી સુધી અને બાંન્દ્રા ઉધના બીલીમોરા સુધી જ દોડશે

સુરતઃ દક્ષિણ ગુજરાતના રેલવે મુસાફરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝન હેઠળ આવતા ઉધના-જલગાંવ સેક્શનમાં ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ ની કામગીરી ને વેગ આપવા માટે રેલવે પ્રશાસન દ્વારા આગામી 13 મે થી 15 મે 2026 દરમિયાન મેગા બ્લોક લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કામગીરીને કારણે ઉધના, નિયોલ અને ચલથાણ સ્ટેશનો પર નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્ય હાથ ધરવામાં આવશે, જેના પરિણામે ટ્રેનોના શિડ્યુલ પર વ્યાપક અસર પડશે.

### બ્લોક અને ટ્રેન પર થનારી અસરો

**તારીખ મુજબ બ્લોક** : 13 મેના રોજ ઉધના, 14 મેના રોજ નિયોલ અને 15 મેના રોજ ચલથાણ સ્ટેશન પર બ્લોક લેવામાં આવશે.

**ટ્રેનોને રદ શોર્ટ આ ટ્રેનો રદ કરવામાં આવી :** 13 મેના રોજ ટ્રેન નં. 12935 (બાંદ્રા-સુરત) નવસારી સુધી જ દોડશે અને નવસારી-ઉધના વચ્ચે રદ રહેશે. ટ્રેન નં. 09055 (બાંદ્રા-ઉધના) બીલીમોરા ખાતે શોર્ટ ટર્મિનેટ થશે. ટ્રેન નં. 19046 (તાપ્તી ગંગા એક્સપ્રેસ) 13 મેના રોજ ચલથાણ ખાતે ટર્મિનેટ થશે.

**શોર્ટ ઓરિજિનેટ થનારી ટ્રેનો:** ઉધનાથી ઉપડતી અનેક ટ્રેનો અન્ય સ્ટેશનોથી ઉપડશે. જેમ કે, 13 મેના રોજ ટ્રેન નં. 12936 નવસારીથી, 09056 બીલીમોરાથી અને 19007 ચલથાણ સ્ટેશનથી ઉપડશે.

**મોડી દોડનારી ટ્રેનો:** ઓથોરિટી વર્કિંગ ના કારણે ચેન્નાઇ-અમદાવાદ (12656) અને કાકીનાડા-હિસાર (17295) જેવી ટ્રેનો 30 થી 40 મિનિટ મોડી દોડશે. આ ઉપરાંત 10 થી 12 જેટલી મેલ-એક્સપ્રેસ ટ્રેનો 10 થી 15 મિનિટ મોડી પડી શકે છે.

**રેગ્યુલેશન અને રિ-શેડ્યુલિંગ:** બાંદ્રા-દિલ્હી સરાઇ રોહિલ્લા (12216) અને દાદર-પોરબંદર (19015) જેવી ટ્રેનોને 1 કલાક 45 મિનિટ સુધી રેગ્યુલેટ કરવામાં આવશે. મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ (09075) ટ્રેન 1 કલાક મોડી રિ-શિડ્યુલ થશે.

# સુરત જિ. પં.ના પ્રમુખપદ કોળી પટેલને મળશે કે અન્યાય થશે?

**ઓબીસીમાં** આવતી તમામ જ્ઞાતિના ઉમેદવારો માટે મેદાન ખુલ્લું પરંતુ હોદ્દા માટે કોળી પટેલ સમાજમાં માંગણી ઉગ્ર

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની તાજેતરમાં સંપન્ન થયેલી ચૂંટણીમાં ભાજપે ઝળહળતો વિજય નોંધાવ્યા બાદ હવે જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના મહત્વના હોદ્દાઓને લઇ રાજકીય અટકળો તેજ બની છે. ખાસ કરીને જિલ્લા પંચાયત પ્રમુખ પદ આ વખતે રોટેશન મુજબ બક્ષીપંચ (ઓબીસી) માટે અનામત હોવાથી ભાજપ મોવડી મંડળમાં યોગ્ય ચહેરાની પસંદગી માટે મંથન શરૂ થયું છે. જેમાં કોળી સમાજને અન્યાય નહીં થાય તે જોવા માટે કોળી સમાજમાં ગણગણાટ શરૂ થયો છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે ઓબીસી વર્ગની કુલ 149 જ્ઞાતિઓમાંથી કોઈપણ સમાજના પ્રતિનિધિને જિલ્લા પંચાયત પ્રમુખ પદની જવાબદારી સોંપાઈ શકે છે. ત્યારે જિલ્લામાં નોંધપાત્ર વસ્તી ધરાવતા કોળી પટેલ સમાજ તરફથી પણ પ્રમુખ પદ માટે દાવેદારી મજબૂત બની રહી છે. સુરત જિલ્લાના ઓલપાડ, કામરેજ અને ચોર્યાસી તાલુકાઓમાં કોળી પટેલ સમાજની બહુમતી વસ્તી હોવાથી સમાજમાં આશા વ્યક્ત થઈ રહી છે કે આ વખતે જિલ્લા પંચાયત પ્રમુખ પદ માટે કોળી પટેલ સમાજને પ્રતિનિધિત્વ મળી શકે છે.

ખાસ કરીને ઓલપાડ તાલુકાની ઓલપાડ અને પિંજરત બેઠકો પરથી ભાજપના બક્ષીપંચ યુવા ઉમેદવારોની જીત બાદ સમાજમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. સાથે જ ભાજપના મોવડી મંડળ સુધી સમાજના આગેવાનો દ્વારા રજૂઆતોનો દોર પણ શરૂ થયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

હવે સૌની નજર ભાજપ પ્રદેશ મોવડી મંડળના અંતિમ નિર્ણય પર ટકેલી છે. આગામી દિવસોમાં જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે કયા સમાજ અને કયા ચહેરાને તક મળે છે તે રાજકીય રીતે મહત્વપૂર્ણ બનશે.

### 149 જ્ઞાતિમાંથી કોઈપણની પસંદગી શક્ય

આ મુદ્દે કોળી પટેલ સમાજના આગેવાન, પૂર્વ મંત્રી તથા ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, ઓબીસીમાં કુલ 149 જ્ઞાતિ આવે છે. આ વખતે જિલ્લા પંચાયત પ્રમુખની બેઠક બક્ષીપંચ માટે અનામત હોવાથી 149માંથી કોઈપણ જ્ઞાતિના ઉમેદવારની પસંદગી થઈ શકે છે. ભાજપ જે પણ જિલ્લા પંચાયત પ્રમુખની પસંદગી કરશે, તેમના નેતૃત્વમાં જિલ્લામાં વિકાસને વધુ વેગ મળશે.

### ઓલપાડ તાલુકાને હજુ સુધી મળ્યું નથી પ્રમુખ પદ

સ્થાનિક આગેવાનોમાં એવી પણ ચર્ચા છે કે 1960માં ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપના થયા બાદ આજદિન સુધી ઓલપાડ તાલુકાને જિલ્લા પંચાયત પ્રમુખ પદ મળ્યું નથી. જેના કારણે આ વખતે ઓલપાડના પ્રતિનિધિને તક મળે તેવી માંગ ઉઠી રહી છે. બીજી તરફ કામરેજ, બારડોલી, ચોર્યાસી અને ઓલપાડના રાજકીય નેતાઓ પણ પોતાના પસંદગીના ઉમેદવારને પ્રમુખ બનાવવા માટે સક્રિય બન્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

### બાંધકામ સમિતિ સહિત મહત્વની સમિતિઓ માટે પણ ખેંચતાણ

માત્ર જિલ્લા પંચાયત પ્રમુખ પદ જ નહીં પરંતુ બાંધકામ સમિતિ સહિતની મહત્વપૂર્ણ સમિતિઓના ચેરમેન પદ માટે પણ આંતરિક દોડધામ તેજ બની છે. વિવિધ ધારાસભ્યો પોતાના નજીકના અને વિશ્વાસુ ઉમેદવારોને મહત્વના હોદ્દા અપાવવા માટે મથામણ કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# વુપ એમ્યુઝમેન્ટ પાર્કના માલિકોના ઠગાઈમાં આગોતરાં નામંજૂર

**ફરિયાદ** રદ કરાવવા હાઈકોર્ટ પહોંચેલાં કંપનીનાં ડિરેક્ટરોને રાહત મળી ન હતી

સુરતઃ છ કરોડના વિશ્વાસઘાત તથા છેતરપિંડી કેસમાં વુપ એમ્યુઝમેન્ટ કંપનીના ડિરેક્ટરો રજત રાજેન્દ્રભાઈ મહેન્દ્ર તથા નિશા રાજેશ મહેન્દ્રુ ની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

વેસુ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આ ફરિયાદ મુજબ વુપ એમ્યુઝમેન્ટ કંપનીના ડિરેક્ટરો રજત રાજેશ મહેન્દ્રુ તથા નિશા રાજેશ મહેન્દ્રુ ફરીયાદી સદાનંદ હરીદાસ મંધ્યાનને વિશ્વાસ મા લઈ અનસિક્યોર લોન પેટે રૂપિયા મેળવી લઇ ૨૫૦૦૦ શેર આપવાનું જણાવી કંપનીનાં એમજીટી ફોર્મમાં માત્ર ૧૪૦૦૦ શેરના ધારક કાગળ ઉપર દર્શાવી શેર આપવાની કાર્યવાહીની નોંધ આરઓસી માં નહી કરી કંપનીના ખોટા સર્ટીફીકેટો બતાવી અને ખોટા વચનો આપી અને રોકાણના બહાને ફરીયાદી પાસેથી રૂ.૬,૭૫,૦૦,૦૦૦ તથા શેરની રકમ મેળવી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ કેસમાં કંપનીના ડિરેક્ટરો રજત તથા નિશાએ હાઈકોર્ટ માં કવોશીંગ પીટીશન દાખલ કરી હતી. પરંતુ હાઈકોર્ટમાંથી રાહત મળી ન હતી. ત્યારબાદ આ બંને આરોપીએ સેશન્સ કોર્ટમાં આગોતરાં જામીન અરજી રજુ કરી હતી. જેની સુનાવણી દરમિયાન મુળ ફરીયાદી તરફે સિનિયર વકીલ કલ્પેશ એસ. દેસાઈ તથા વકીલ હેમલ ભગતે જામીન અરજીનો વિરોધ કરતુ સોગંદનામુ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા હતા. સરકાર તરફે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા દ્વારા જામીન અરજીનો વિરોધ કરતી દલીલો કરવામાં આવી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે આગોતરાં જામીન અરજી નામંજૂર કરી હતી.

# હલધરુ રહેતી પરિણીતાનું જમ્મુમાં રહસ્યમય સંજોગોમાં મોત થયું

**સોશિયલ** મીડિયામાં પ્રેમ થઇ જતાં યુવકને મળવા ઉધમપુર પહોંચી હતી

સુરત : સુરત જિલ્લાના એક વેપારી પરિવારની વહુએ જમ્મુ કશ્મીરના ઉધમપુરમાં આત્મહત્યા કરી લીધી છે. ફેસબુક પર પાંગરેલા પ્રેમના કારણે આ ઘટના બની હતી.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર સુરત જિલ્લાના હલધરુના એક વેપારી પરિવારની સભ્ય રાજકુમારી (નામ બદલ્યું છે) 20 એપ્રિલના રોજ શંકાસ્પદ સંજોગોમાં ગુમ થઈ ગઈ હતી. તેના પરિવારની ફરિયાદના આધારે, સુરત પોલીસે FIR નોંધી અને તપાસ શરૂ કરી. મહિલાના મોબાઈલ ફોનનું લોકેશન જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરમાં હતું. સુરત પોલીસની એક ટીમ, તેના પિતા અને મામા સાથે, તેણીને શોધવા માટે ઉધમપુર ગઈ હતી. તે ત્યાં મળી આવી હતી. પોલીસ સાથે યુવતીનો પરિવાર જમ્મુ પહોંચ્યો. તેમણે સોમવારે સવારે ૧૧:૩૦ વાગ્યે સુરત જતી ફ્લાઈટ માટે રિટર્ન ટિકિટ બુક કરાવી હતી. તેઓ રવિવારે રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યાથી જમ્મુના સતવારી વિસ્તારમાં એરપોર્ટ નજીકની એક હોટલમાં રોકાયા હતા. સોમવારે સવારે લગભગ ૪:૩૦ વાગ્યે, જ્યારે બધા સૂતા હતા, ત્યારે મહિલા હોટલના રૂમમાંથી બહાર નીકળી ગઈ. ત્યારબાદ તે હોટલની સામે નિર્માણાધીન બિલ્ડિંગના ઉપરના માળે ચઢી ગઈ હતી. સતવારી પોલીસે મૃતદેહને કબજે લીધો છે અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તે હોટલ છોડીને નજીકની બાંધકામ હેઠળની ઈમારતમાં ગઈ હતી. વહેલી સવારે અંધારાને કારણે, તેણીએ પોતાનું સંતુલન ગુમાવ્યું અને એક માળેથી સીધો જમીન પર પડી ગઈ હતી. સોશિયલ મીડિયા મારફત તે ઉધમપુરના યુવાનના પ્રેમમાં પડી હતી તેથી તે ઉધમપુર પહોંચી ગઈ હતી

સુરતઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના હલધરુ ગામની એક યુવતીનું કાશ્મીરમાં ખાડામાં પડતાં રહસ્યમય સંજોગોમાં મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

મૂળ રાજસ્થાનના વતની અને હાલ હલધરુ રહેતા એક પરિવારની યુવાન પુત્રી તેકુમારી પિતા અને મામા સાથે કાશ્મીરમાં એક હોટલમાં હતી. તે વખતે હોટલની બહાર નીકળતાની સાથે જ તેકુમારી એક ઊંડા ખાડામાં પડી ગઈ હતી. જ્યાં તેનું મોત નીપજ્યું હતું. તેમ સુરતના જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું.

# પૂણાના એમ્બ્રોઈડરીના ખાતામાં લોહિયાળ જંગમાં એકની હત્યા

**પશ્ચિમ** બંગાળના બે વતનીઓ વચ્ચે ગામની યુવતીના મેસેજ મુદ્દે મામલો બિચક્યો

**સામાન્ય** બોલાચાલી બાદ મિત્રએ જ મિત્રને કાતરના ઘા મારી પતાવી નાંખ્યો

સુરતઃ પૂણા વિસ્તારમાં જાણે હત્યારાઓ બેફામ બન્યા હોય તેમ એક જ દિવસમાં બે-બે હત્યાની ઘટનાથી સમગ્ર સુરત લોહીલુહાણ થયું છે. શનિવારે સવારે એક પૌત્રએ પોતાની સગી નાનીની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હોવાની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં રાત્રિના સમયે પૂણાના એક એમ્બ્રોઈડરીના કારખાનામાં નજીવી બાબતે મિત્રએ જ મિત્રને મોતને ઘાટ ઉતારી દેતા સનસનાટી મચી ગઈ છે. ગામની એક યુવતીને મેસેજ કરવા જેવી સામાન્ય બાબતે બે કારીગરો વચ્ચે થયેલી બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

પૂણા સ્થિત શાંતિ ભવન ખાતે એક એમ્બ્રોઈડરીના કારખાનામાં મૂળ પશ્ચિમ બંગાળના બે શખ્સો ૩૯ વર્ષીય ચાંદ સાલેહર બીબી અને મૂસા સલામ શેખ સાથે કામ કરતા હતા. છેલ્લા કેટલાક સમયથી વતનની જ એક યુવતીને મેસેજ કરવા બાબતે બંને વચ્ચે આંતરિક ખટરાગ ચાલતો હતો. શુક્રવારે રાત્રે આ વિવાદે ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું.

કારખાનામાં કામ દરમિયાન બંને મિત્રો વચ્ચે ફરીથી યુવતીના મેસેજ બાબતે તુ-તુ-મેં-મેં થઈ હતી. ઉશ્કેરાયેલા મૂસા શેખે આવેશમાં આવી જઈ પાસે પડેલી કાતર ઉઠાવી લીધી હતી અને ચાંદ સાલેહરની પીઠના ભાગે ઘા ઝીંકી દેતા તે ત્યાં જ ઢળી પડ્યો હતો અને ગણતરીની મિનિટોમાં તેના પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા.

બીજી તરફ, હિંસક ઝપાઝપીમાં આરોપી મૂસા શેખને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હોવાથી પોલીસે તેને સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખી તેની ધરપકડ કરી છે.

# કાપોદ્રા મેઈન રોડ ઉપર દોડતી કારમાં અચાનક જ આગ લાગી

**પેટ્રોલ** કાર હોવાને કારણે આગ ઝડપભેર ફેલાતા પળવારમાં જ આખી કાર સળગીને ખાખ થઈ ગઈ



સુરત : કાપોદ્રા બાપા સિતારામ ચોક વિસ્તારમાં બપોરનાં રસ્તા ઉપર દોડતી કારમાં આગ લાગતા ભડભડ સળગી ઉઠતા ભાગદોડ મચી ગઈ હતી. જોત જોતામાં આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. બનાવની જાણ ફાયર કંટ્રોલને કરાતા કાપોદ્રા ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ, કાર માલિક કૌશિક તરાવીયા આજે બપોરે 1:00 કલાકે તેમની કાર નજીકનાં ગેરેજમાં સર્વિસ માટે લઈ જતા હતા. દરમિયાન તેમની કારનાં બોનેટમાથી એકાએક ધુમાડા નિકળવાની શરૂઆત થઈ હતી અને ત્યારબાદ આગ ભડકી ઉઠી હતી. ઘટનાની ગંભીરતા જાણી કાર ચાલક તુરંત જ તેમની કારને રસ્તાની એક બાજુ ઉપર ઉભી રાખી નીચે ઉતરી ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરાતા કાપોદ્રા ફાયર સ્ટેશનનો કાફલો તુરંત જ ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર સબ ઓફિસર વિનોદ રોજીવાડીયાએ જણાવ્યુ હતુ કે, તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે કારમાં આગ ફેલાઈ ગઈ હતી. પેટ્રોલ કાર હોવાને કારણે આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ, બાદમાં ફાયર બ્રિગેડે તુરંત પાણીનો મારો ચલાવીને આગ ઉપર ગણતરીની મિનિટોમાં જ કાબુ મેળવી લીધો હતો. જોકે આખી કાર આગની લપેટમાં આવી જતા માત્ર ચેચીસનો ભાગ જ બાકી રહ્યો હતો. કાર માલિકનાં જણાવ્યા મુજબ કારમાં હાલ જ સર્વિસ કરાવી હતી પરંતુ તેમા ખામી હોવાથી આજે બપોરે તેઓ ફરી તેમની કારને ગેરેજમાં લઈ જઈ રહ્યા હતા. દરમિયાન કારમાં આગ લાગી ગઈ હતી.

# લસકાણામાં પાન પાર્લરનું શટર તોડી 70 હજારની ચોરી

**રોકડની** સાથે તમાકુના પેકેટ ચોરતા તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

સુરત : લસકાણાના એક પાન પાર્લરને નિશાન બનાવી ત્રણ અજાણ્યા તસ્કરો મળસ્કે શટર તોડી અંદર પ્રવેશ્યા હતા અને દુકાનમાંથી તમાકુના સામાન સહિત રોકડ મળી કુલ 70 હજારની મતાની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ફરિયાદ થતાં પોલીસે ફૂટેજના આધારે તસ્કરોનું પગેરું દબાવવા તજવીજ હાથ ધરી છે.

ચોરીની વિગત એવી છે કે, મૂળ ભાવનગરના વતની અને હાલ સુરતના કઠોદરા ગામે સૌરાષ્ટ્ર દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા ૩૩ વર્ષીય યોગેશભાઈ ભુપતભાઈ રાજાણી લસકાણામાં શુભમ શોપિંગ સેન્ટરમાં 'હિરામોતી પાન પાર્લર' ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે.

ગત ૪થી મેના રોજ રોજિંદા ક્રમ મુજબ તેઓ દુકાન વધાવી ઘરે ગયા હતા.

આ દરમિયાન મળસ્કે અંધારાનો લાભ લઈ ત્રણ અજાણ્યા ઈસમો ત્રાટક્યા હતા. તસ્કરોએ દુકાનનું શટર તોડી અંદર ઘૂસીને ભારે શોધખોળ કરી હતી.

દુકાનમાં રહેલા કિંમતી તમાકુના પેકેટો, સિગારેટ અને અન્ય સામાન સહિત અંદાજે ૪૯ હજારનો માલ-સામાન તેમજ ગલ્લામાં મુકેલા રોકડા ૨૦ હજાર રૂપિયા મળી કુલ રૂ. ૬૯,૬૧૫ની મતા ચોરીને તસ્કરો પળવારમાં ગાયબ થઈ ગયા હતા.

# અડાજણમાં પગની બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

સુરતઃ અડાજણમાં પગની બીમારીથી પીડિત યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. અડાજણ વિસ્તારમાં આવેલા મહાદેવનગરમાં સંજુભાઈ દલસુખભાઈ રાઠોડ (35 વર્ષ) રહેતો હતો. તે છૂટક મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સંજુભાઈને બંને પગમાં બીમારી હતી જેથી થોડાક સમય પહેલા એક પગનું ઓપરેશન કરાવ્યું હતું. જ્યારે અન્ય પગથી પણ ચાલવામાં તકલીફ પડતી હતી. જેથી બીમારીથી કંટાળીને સંજુભાઈએ ગુરુવારે રાત્રે ઘરમાં લાકડાના મોભ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# ધોરણ-10ની પૂરક પરીક્ષાના ફોર્મ 15મે સુધી ભરી શકાશે

**સ્ટન્ડર્ડ** ગણિતમાં નાપાસ થયા હોય તો, બેઝીક ગણિત વિકલ્પ બદલી શકશે

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનાર ધોરણ-10ની પૂરક પરીક્ષા માટે આવેદનપત્રો ભરવાની કાર્યવાહીનો પ્રારંભ થયો છે. આવેદનપત્રો 15 મે 2026 સાંજે 5:00 વાગ્યા સુધી ઓનલાઇન ભરી શકાશે. ધોરણ-10માં સ્ટન્ડર્ડ ગણિતમાં નાપાસ થયા હોય તો બેઝીક ગણિત વિકલ્પ બદલી શકશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં જ ધોરણ-10નું પરિણામ જાહેર થયું છે. આ પરીક્ષા દરમિયાન જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષય વિષયોમાં ગેરહાજર રહેલા હોય અથવા એક કે તેથી વધુ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપવા ઈચ્છે તો, પૂરક પરીક્ષા માટે આવેદનપત્રો શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વીકારવામાં આવશે નહીં.

કન્યા પરીક્ષાથી ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા માટે જે તે વિષયો માટેનું ઓનલાઈન આવેદનપત્ર રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. ઓનલાઈન ફી ભરવા માટેની સૂચનાઓ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### રાજ્યનું તાપમાન...

સીધા તડકામાં અથવા તડકામાંથી તરત જ ઠંડા વાતાવરણમાં જવાનું ટાળવાની પણ સૂચના આપવામાં આવી છે.આગામી એક અઠવાડિયા દરમિયાન ગુજરાતમાં 'રીઅલ સમર'નો અસલી પ્રકોપ જોવા મળી શકે છે, તેથી વૃદ્ધો, બાળકો અને બીમાર વ્યક્તિઓએ ખાસ કાળજી રાખવાની જરૂર રહેશે.

### મહત્તમ તાપમાનમાં...

નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ ગરમીનો કહેર યથાવત રહેવાની શક્યતા છે. તાપમાનમાં મોટો ઘટાડો થવાની શક્યતા હાલ દેખાતી નથી. તેથી નાગરિકોને બપોરના સમયે જરૂરી કામ સિવાય બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવાનું અને ગરમીથી બચવા તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

### 50 લાખની...

જ ફાયરિંગ થઈ શકે. જેના કારણે તેણે પિસ્તોલ હાથમાં લઈ સીધું ફાયરિંગ કરી દીધું હતું. સદ નસીબે પોલીસ કર્મચારીઓને ઇજા થઈ ન હતી. શુભમ કાંઈ સમજે કે વિચારે એ પહેલા તો તેમના પગમાં ગોળી ધરબી દેવામાં આવી હતી. પોલીસે શુભમ પાસેથી હાથ બનાવટની પિસ્તોલ અને એક મોબાઇલ ફોન કબજે કર્યા હતા.

### કરણ ગામે...

આશરે 54 વર્ષીય રાહદારીને કૂતરાએ હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. કૂતરાએ અચાનક હુમલો કરતાં લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર કૂતરું અત્યંત આક્રમક બની જતાં રસ્તા પરથી પસાર થતા લોકોને નિશાન બનાવી હુમલો કરતું હતું.

ઘટનાની જાણ થતા ગામલોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બચાવી સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. પલસાણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ પરના તબીબોએ તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી હતી. જો કે, બે વ્યક્તિને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજા પહોંચતાં વધુ સારવાર અને નિરીક્ષણ માટે 108 એમ્બ્યુલન્સ મારફતે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ બાદ ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામલોકોએ તંત્ર પાસે રખડતા અને હડકાયા કૂતરા સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### શુભેન્દુ અધિકારીના...

મહત્વની કોન્ફરન્સ મીટિંગમાં સાથે હતા. મીટિંગ દરમિયાન બંનેએ સાથે ચા પીધી અને આગળની રણનીતિ પર ચર્ચા કરી હતી. રાત્રે 10:30 વાગ્યે ચંદ્રનાથ રથ ''હવે હું ઘરે જમવા જાઉં છું'' તેમ કહીને હળવાશથી છૂટા પડ્યા હતા. આ સંવાદના ગણતરીની મિનિટોમાં જ કાવતરાખોરોએ તેમના પર જીવલેણ હુમલો કરી દીધો હતો. તેઓએ જણાવ્યું હતુ કે, તેઓ શપથવિધિ સમારોહ પૂર્ણ થયા બાદ સુરત પાછા ફરશે.

### ડિંડોલી પોલીસ...

ધુમાડાના ગોટેગોટા ભરાઈ ગયા હતા. શરૂઆતમાં ત્યાં હાજર પોલીસ સ્ટાફ દ્વારા પોતાની રીતે 'ફાયર એક્સ્ટિંગ્યુશર' વડે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ધુમાડો એટલો પ્રચંડ હતો કે સ્થિતિ પર નિયંત્રણ મેળવી શકાયું નહોતું. આખરે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ડુંભાલ અને ડિંડોલી ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી.

ફાયર વિભાગના જવાનોએ પહોંચતાની સાથે જ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી હતી. સબ ફાયર ઓફિસર સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, બીજા માળના રૂમમાં ફ્રીજમાં લાગેલી આગ સામાન્ય હતી પરંતુ ધુમાડો ખૂબ જ વધારે પ્રમાણમાં હોવાથી શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી હતી.

ફાયરના જવાનોએ તાત્કાલિક રૂમની બારીઓ ખોલી નાખી હતી અને એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કરી માત્ર 10 મિનિટમાં જ આગને સંપૂર્ણપણે ઓલવી નાખી સ્થિતિ નિયંત્રણમાં લીધી હતી. સદનસીબે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી, પરંતુ થોડીવાર માટે પોલીસ સ્ટેશનના પરિસરમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

### સુરતીઓનો જુગાડ...

છે. હાલમાં સુરતના બજારમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેમાં વાહનચાલકો મોંઘા બ્રાન્ડેડ સ્માર્ટ હેલ્મેટ ખરીદવાને બદલે સામાન્ય હેલ્મેટમાં જ બ્લુટૂથ અને એલઈડી (LED) લાઈટ્સ ફિટ કરાવી રહ્યા છે. સામાન્ય રીતે, ઇન-બિલ્ટ બ્લુટૂથ અને સેફ્ટી લાઈટ્સ ધરાવતા સ્માર્ટ હેલ્મેટની કિંમત બજારમાં 6,000 થી શરૂ થતી હોય છે. પરંતુ સુરતી જુગાડના પ્રતાપે હવે આ સુવિધા માત્ર 3,000 થી 4,000 માં ઉપલબ્ધ બની છે. 2,000 ની કિંમતના મજબૂત હેલ્મેટમાં 250 ની લાઈટ્સ અને 1,000 થી 1,500 નું બ્લુટૂથ ડિવાઈસ અલગથી ફિટ કરી દેવામાં આવે છે. આમ, ગ્રાહકોને અડધી કિંમતમાં પ્રીમિયમ અનુભવ મળે છે.

### આ રીતે...


રાઈટ-લેફ્ટ સિગ્નલ આપવામાં પણ મદદરૂપ થાય છે. આ ટેક્નોલોજીના ઘણા ફાયદા છે. બ્લુટૂથની મદદથી વાહનચાલક ફોન હાથમાં લીધા વગર વાત કરી શકે છે, જેનાથી અકસ્માતનો ભય ઘટે છે. સાથે જ, લાંબી મુસાફરી દરમિયાન સંગીતનો આનંદ પણ માણી શકાય છે. ખાસ કરીને રાત્રિના સમયે અંધારા રસ્તાઓ પર લાઈટવાળા હેલ્મેટ ચાલકની વિઝિબિલિટી વધારે છે, જે સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે.

### પેસેન્જરને મળેલા...

પૂછપરછ દરમિયાન મુસાફરે પર્સમાંથી રૂ.11,600 કાઢી લીધાની કબૂલાત કરી હતી. CISFના અસરકારક હસ્તક્ષેપ અને બંને એરપોર્ટ વચ્ચેના સંકલનના કારણે અંતે બંને પક્ષો વચ્ચે રકમની પરત ફેર અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા મામલો સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલી દેવાયો હતો. પર્સના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવવાનો ઈનકાર કરતાં સંબંધિત મુસાફર પાસેથી કોલકાતા એરપોર્ટ પર લેખિત માફીનામું લેવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં આવી હરકત ન કરવા કડક ચેતવણી આપી મુક્ત કરવામાં આવ્યો હતો.

ઘટના બાદ પીડિત મુસાફર તથા તેના પરિવારજનોએ CISF જવાનોની ત્વરિત કામગીરી, સતર્કતા અને ટીમ વર્કની પ્રશંસા કરી હતી.


॥ સ્મશાન યાત્રા ॥



સ્વ. ડો. કનુભાઈ ગોવિંદભાઈ માવાણી

(૮૨ વર્ષ)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઈશ્રી સ્વ. કનુભાઈ ગોવિંદભાઈ માવાણી સવંત-૨૦૮૨ વૈશાખ વદ-૬ ને શુક્રવાર તા.૦૮/૦૫/૨૦૨૬ પ્રભુ ચરણ પામેલ છે. પરમ કૃપાળુ પરમેશ્વર તેમની દિવંગત આત્માને શાંતિ આપે તેજ પ્રાર્થના છે.

સ્મશાન યાત્રા

તા. ૦૯-૦૫-૨૦૨૬ ને શનિવાર સવારે ૮:૦૦ કલાકે, ૭૯, ગુરુનગર સોસાયટી, બરોડા પ્રિસ્ટેજ, વરાછા રોડ થી અશ્વનીકુમાર સ્મશાનગૃહ પર જશે.

લી.

બીનાબેન ઓધવજીભાઈ પાઘડાર
દિપ્તીબેન હરેશભાઈ નવાપરા
આશાબેન ચેતનભાઈ માંગુકિયા
સોનલબેન પ્રણવભાઈ લાઠિયા
ભીમજીભાઈ ગોવિંદભાઈ માવાણી
ડૉ. વજુભાઈ ગોવિંદભાઈ માવાણી
વિનુભાઈ મનજીભાઈ માવાણી